# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

કવટ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

आज़ादी का अमृत महोत्सव

ક્રમાંક:કવટ/AG-1/2025/ 21336 તા. 8/7/25

પ્રતિ,

નાયબ નિયામક

ડી પી શાખા

વિષય:- ઇન્ચાર્જ આચાર્યશ્રીનો ચાર્જ આપવા બાબત

સંદર્ભ: અત્રેની કચેરીનો તા. 16/02/2024નો પત્ર ક્રમાંક કવટ/પરચ/2024/2795-3153

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે ગુજરાત રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની જગ્યાનો ચાર્જ આપવા બાબતે સૂચનાઓ આપવામાં આવેલ હતી. બિનસરકારી અનુદાનિત કોલેજોને તેમના તમામ કર્મચારીઓનો પગાર પેટે **100%** ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે અને સરકારશ્રીના અન્ય નિયમો મુજબ નિભાવ ગ્રાન્ટ અને અન્ય ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. જેથી તમામ બિનસરકારી અનુદાનિત કોલેજોને સરકારશ્રીના અને અત્રેની કચેરીના પત્રો, પરીપત્રો, આદેશ અને સૂચનાઓનું પાલન કરવાનું રહે છે. પરંતુ અરજદારોની વિવિધ રજૂઆત અન્વયે ઘણા ટ્રસ્ટ દ્વારા આજ દિન સુધી અત્રેની કચેરીના તા. 16/02/2024ના રોજથી આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવામાં આવી રહ્યું નથી તે સ્પષ્ટ જણાઈ આવે છે.

વધુમાં અત્રેની શાખાને સમાન બાબતની ઘણી ફરિયાદ આવે છે જેનું નિરાકરણ લાવવામાં અત્રેની શાખાનો ઘણો સમય વ્યય થાય છે. ઉપરોક્ત પરિસ્થિતીના નિવારણ અર્થે **(01)** જે કોલેજોમાં આચાર્યની જગ્યા ખાલી હોય તો અત્રેની કચેરીને આચાર્યની એન ઓ સી માટે દરખાસ્ત મોકલવી. તથા જે કોલજોએ આચાર્ય માટે ભરતીની કાર્યવાહી કરેલ છે જેમાં અત્રેની કચેરી કક્ષાએથી પુર્તતા માંગેલ હોય તો તે તાત્કાલિક અત્રેની કચેરીએ જમા કરાવવી. **( 02 )** ગુજરાત રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોને અત્રેની શાખાના તા. **16/02/2024**ના પરિપત્રનું સંપૂર્ણ પાલન કરવા આથી જણાવવામાં આવે છે. જે કોલેજોમાં કાયમી આચાર્યની જગ્યા ભરાયેલ ન હોય તેવી કોલેજો દ્વારા ઓગસ્ટ **2025** માસના પગાર બિલમાં જે તે કોલેજના તમામ અધ્યાપકોની સીનીયોરીટી લીસ્ટ, સદર સીનીયોરીટી લીસ્ટ સરકારશ્રીના નિયમો અને કોલેજના રેકર્ડ મુજબ સાચું છે તેવું પ્રમાણપત્ર અને ટ્રસ્ટ દ્વારા મોસ્ટ સીનીયર અધ્યાપકને ઇન્ચાર્જ આચાર્યનો ચાર્જ સોપવાનો હુકમ સામેલ રાખી તે ઇન્ચાર્જ આચાર્યની સહીથી પગાર બિલ અત્રે રજૂ કરવા આથી જણાવવામાં આવે છે. પરંતુ જે કોલેજોમાં વહીવટી કે અન્ય કારણોસર મોસ્ટ સીનીયર પ્રાધ્યાપક ચાર્જ લેવા ઇચ્છતા ન હોય તેવી કોલેજોમાં ટ્રસ્ટ દ્વારા જે તે સીનીયર અધ્યાપકોની ચાર્જ ન લેવાના કારણોની તાજેતરમાં આપેલ લેખિત રજૂઆત લેવી અને જો ટ્રસ્ટને તે યોગ્ય જણાય તો ત્યારબાદના સીનીયર અધ્યાપકને

ઇન્ચાર્જ આચાર્યનો ચાર્જ આપવાનો રહેશે અને તે લેખિત રજૂઆત પણ પગારબિલમાં સામેલ રાખવાની રહેશે.

વધુમાં મોસ્ટ સીનીયર અધ્યાપકને ચાર્જ સોંપતી વખતે અત્રેની કચેરીના તા. **16/02/2024**ના પત્રની સૂચનાઓ ઉપરાંત ફરજ મોકૂફી હેઠળના કર્મચારીને કે અન્ય કોઈ સજાના કારણોસર ફરજ ઉપર હાજર ન રહેનાર અધ્યાપકને ચાર્જ આપવાનો રહેશે નહીં.

ઉક્ત બાબતે જણાવવાનું કે માહે ઓગસ્ટ 2025ના પગારબિલની ચકાસણી કરતી વખતે ઉક્ત મુજબના પત્રો સામેલ ન હોય તો તે મુજબની કાર્યવાહી કરી પગાર બિલ રજૂ કરવા જણાવવાનું રહેશે.

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગાંધીનગર

નકલ રવાના ( જાણ અને યોગ્ય કાર્યવાહી સારૂં)
પ્રમુખ/આચાર્ય, તમામ બિનસરકારી અનુદાનિત કોલેજો, ગુજરાત રાજ્ય

પ્રતિ,